શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષઃ ૧૩, અંકઃ૩૮, માર્ચ-૨૦૨૫, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોનઃ26463511, 26463696
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## સામાજિક સમરસતા, સાંપ્રત શિક્ષણ અને સી. એન. વિદ્યાવિહાર

સામાજિક સમરસતા અને સાંપ્રત શિક્ષણ એ સમાજના વિકાસ અને પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સામાજિક સમરસતા એટલે સમાજના તમામ વર્ગો વચ્ચે એકતા, સમાનતા અને સમજણની ભાવના. જ્યારે સાંપ્રત શિક્ષણ એટલે આજના સમયમાં જરૂરી જ્ઞાન, કૌશલ્યો અને મૂલ્યોનું શિક્ષણ.

સી. એન. વિદ્યાવિહારની સંસ્થાઓની શિક્ષણ વ્યવસ્થાને સમજીએ તો આપોઆપ સમાજિક સમરસતાનું દર્શન થઈ આવે. વિદ્યાવિહારના પરિસર પર આ બાબતના મહત્વનો વિચાર કરીએ.

**સામાજિક સમરસતાનું મહત્વઃ**

- **સમાજમાં શાંતિ અને સ્થિરતાઃ** સામાજિક સમરસતાથી સમાજમાં શાંતિ અને સ્થિરતા જળવાય છે, જે વિકાસ માટે જરૂરી છે.
- **સમાન તકોઃ** સામાજિક સમરસતાથી તમામ વર્ગોને સમાન તકો મળે છે, જેનાથી સમાજનો સર્વાંગી વિકાસ થાય છે.
- **સંવાદિતા અને સહકારઃ** સામાજિક સમરસતાથી સમાજમાં સંવાદિતા અને સહકાર વધે છે, જેનાથી સામાજિક સમસ્યાઓનું નિરાકરણ સરળ બને છે.
- **વિવિધતાનું સન્માનઃ** સામાજિક સમરસતાથી વિવિધતાનું સન્માન થાય છે, જે સમાજને વધુ સમૃદ્ધ બનાવે છે.

સી. એન.ના સ્થાપકોની આ બહુમૂલ્ય પ્રણાલીની સાથે સાંપ્રત શિક્ષણને સાંકળવાના પ્રયત્નો થઈ રહ્યા છે. વિદ્યાવહાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓના સતત માર્ગદર્શન અને ટેકાથી વિદ્યાવિહારની સંસ્થાઓમાં નિરંતર અપગ્રેડેશન બાબતે કટિબદ્ધ થઈને સહુ પ્રયત્નો કરી રહ્યા છીએ.

**વિદ્યાવિહારમાં આ માટેના થયેલ અમુક પ્રયત્નોને જાણીએ.**

- **જ્ઞાન અને કૌશલ્યોઃ** સાંપ્રત શિક્ષણથી વિદ્યાર્થીઓને આજના સમયમાં જરૂરી જ્ઞાન અને કૌશલ્યો મળે છે અને સમાજમાં યોગદાન આપી શકે છે. આ માટે વિદ્યાવિશેષ સેન્ટર અને મૂલ્યવિશેષ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં આ માટેના પાયલટ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને નૈતિકતાનો વિકાસ થવાથી તેઓ જવાબદાર નાગરિક બને છે.
- **વિવેચનાત્મક વિચારસરણીઃ** સાંપ્રત શિક્ષણથી વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારસરણીનો વિકાસ થાય છે, જેનાથી તેઓ સમસ્યાઓનું સમાધાન શોધી શકે છે. આ માટે વિદ્યાવિશેષ અંતર્ગત અનુભવજન્ય શિક્ષણ મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યા છે અને ધોરણ ૫ થી ૯ ના વિદ્યાર્થીઓ માટે ખાસ સ્ટેમ લેબ અને ભાષા પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે.



- **ટેક્નોલોજીનું અને ટેક્નોલોજી દ્વારા શિક્ષણ :** આજના સમયમાં ટેક્નોલોજીનું જ્ઞાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભાગ્યે જ કોઈ સંસ્થામાં હોય તેવું અલાયદું અને અદ્યતન કમ્પ્યુટર સેન્ટર વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનું શિક્ષણ આપે છે, ઉપરાંત પૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી તમામ ઉંમરના બાળકો અને તાલીમાર્થીઓ માટે દરેક વર્ગખંડમાં ઇન્ટરએક્ટિવ પેનલ લગાવવામાં આવ્યા છે જેનાથી વિદ્યાર્થીઓ દરેક વિષયની સંકલ્પનાઓને તેની પ્રક્રિયા દ્વારા સરળતાથી સમજી શકે છે

**સામાજિક સમરસતા અને સાંપ્રત શિક્ષણનું જોડાણઃ**

સામાજિક સમરસતા અને સાંપ્રત શિક્ષણ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. સાંપ્રત શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સમરસતાના મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. સામાજિક સમરસતા અને સાંપ્રત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેના વિવિધ પ્રયાસો અંતર્ગત

- શિક્ષણ પ્રણાલીમાં સામાજિક સમરસતાના મૂલ્યોનો સમાવેશ, શિક્ષકોની વિવિધ સાંપ્રત શિક્ષણ પદ્ધતિઓ માટે તાલીમ, વિદ્યાર્થીઓ માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન, સમાજના તમામ વર્ગોને શિક્ષણમાં સમાન તકો અને તેમને સક્ષમ મદદ માટે કાઉન્સેલિંગ સેન્ટરની સઘન વ્યવસ્થાઓ તરફ અમે વધુ કાર્યરત બની રહ્યા છીએ.

એક સ્વસ્થ અને સમૃદ્ધ સમાજ માટે વિદ્યાવિહારના આ અત્યંત મહત્વપૂર્ણ પ્રયત્નોમાં વાલીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓનો સતત સહયોગ મળતો રહ્યો છે, જે માટે અમે આદરની લાગણી વ્યક્ત કરીએ છીએ. આપણે સહુ આ જ રીતે સહયોગી પ્રયત્નો દ્વારા વિદ્યાવિહારની અવિરત કૂચને આગળ ધપાવીએ.

**ડૉ. વૈશાલી શાહ**
**નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર**

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

ઈ-મુદ્રણઃ શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-380006

# વિદ્યાવિહારનું ગૌરવ

## વિભાબહેન જયેન્દ્રભાઈ વૈષ્ણવ (૧૯૫૯ની બેચ)



અમે નમીએ તને ચીરસાથી વિદ્યાવિહાર......

વિદ્યાવિહાર છોડે ૬૪ વર્ષ થયાં છતાં હજી પણ આ ગીત કાનમાં એટલી જ તીવ્રતાથી ગૂંજે છે અને એજ તો પ્રેરે છે આ લેખ લખવા.

શાળાની હું વિભા જયેન્દ્રભાઈ વૈશ્નવ અને અત્યારની હું વિભા રાસબિહારી દેસાઈ. જન્મ વર્ષ ૧૯૪૪. સી.એન.માં ધો. ૬ થી ૧૧ સુધી અભ્યાસ કરી વર્ષ ૧૯૫૯ માં મેટ્રિક થઈ.

કેટલી બધી યાદો અને લાગણીઓનું ઘોડાપૂર એકસામટું સ્મૃતિપટ પર આવે છે. પ્રાર્થનામંદિરના ઓટલા પર બેસીને શ્રી ભાઈલાલભાઈનાં સ્વરાંકિત કરેલાં ઉમાશંકર જોશી, સુંદરમ, રવિન્દ્રનાથ ટાગોર, સ્નેહરશ્મિ વિ.કવિઓનાં પ્રાર્થના-ગીતો, પ્રાર્થનામંદિરમાં સફેદ ખાદીના ગણવેશમાં શિસ્તબધ્ધ રીતે ગોઠવાતા વિદ્યાર્થીઓ, એ મોટી-નાની રીસેસો, મોટી સ્કુલ પાસે વચ્ચોવચ્ચ આવેલો મનુભાઈનો સીંગ-ચણાનો સ્ટોર, ધો.૬ક થી ૧૧ક નાં અભ્યાસવર્ગો, સંગીત ઉદ્યોગનો વર્ગ, શાળાનું એ વિશાળ મેદાન અને હરિયાળું વાતાવરણ, વિધવિધ વિષયના એ દલાલ સાહેબ, વિલીબહેન, ભાસ્કરભાઈ વિદ્વાંસ, બી. એમ. જોશી, એચ.એમ.પટેલ, સકરચંદભાઈ વિ. શિક્ષકો... આ બધુ યાદ આવે છે ને હજુ પણ રૂવાંડાં ઉભાં થઈ જાય છે.

એ સમયમાં સી.એન.એક જ સ્કુલ એવી હતી જેમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીને એની રૂચિ પ્રમાણે સંગીત, ચિત્ર, સિવણ, ખેતી, કાંતણ, સુથારીકામ જેવા વિવિધ વિષયોનું શિક્ષણ પણ અપાતું. મે સંગીતને ઉદ્યોગ તરીકે પસંદ કરેલું. સંગીત-શિક્ષક શ્રી વસંતરાવ તેડુંલકર સાહેબના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રીય સંગીતની ગાંધર્વ વિદ્યાલયની પરિક્ષાઓ પણ આપેલી. વર્ષ ૧૯૫૯ માં શાળાની માન્યતા multi-purpose school તરીકે થવાથી, ઝીણાદાદાના સૂચન અને આગ્રહથી મે ૧૧ માં ધોરણમાં એક વિષય તરીકે સંગીત રાખ્યું હતું અને એમાં ઉત્તમ પરિણામ સાથે ઉત્તિર્ણ થઈ હતી. આ હતી વિદ્યાર્થીની ક્ષમતાને પારખીને તેના હિતમા હોય તે વિષયમાં પ્રોત્સાહન આપવાની ઝીણાદાદાની રીત.

ઝીણાદાદાનો એ પ્રેમાળ સ્વભાવ તો કેમ જ ભૂલાય? પછી પણ જ્યારે જ્યારે એમને મળવાનું થતું ત્યારે એમનું ગમતું ગીત 'નાખો ના નેણલે ગુલાલ, ઓ બિહારીલાલ' ગાયા વિના છોડતા નહી. હું અને રાસભાઈ (મારા પતિ રાસબિહારી દેસાઈ)સાથે મળવા જઈએ તો એમની આગવી શૈલીમાં રાસભાઈને લાડમાં 'Student-in-law' કહીને સંબોધતા અને એમને પણ ગવડાવતા. શાળામાંથી મેટ્રિક પાસ કર્યા પછી અનુક્રમે જી.એલ.એસ. આર્ટ્સ કોલેજ અને એસ.વી.પટેલ કોલેજમાંથી અર્થશાસ્ત્ર-આંકડાશાસ્ત્ર સાથે બી.એ. (spl.) કર્યું. કોલેજમાં પણ મારો ઝોક અભ્યાસ ઉપરાંત સંગીત અને અન્ય ઈતર પ્રવૃતિઓ પર રહયો. દરેક વર્ષે યુવક-મહોત્સવોમાં સંગીત-સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામ મેળવ્યાં અને કોલેજના વાર્ષિકોત્સવોમાં પણ નૃત્ય-નાટિકાઓમાં ભાગ લીધો. એસ.વી. કોલેજમાં માઈક પરથી દરરોજ ગવાતી લાઈવ પ્રાર્થના ગાવાનું સદ્ભાગ્ય પણ મારા ભાગે જ આવતું. કોલેજકાળ પછી વર્ષ ૧૯૬૪માં ભારત સરકારની આવકવેરા ઈન્સ્પેક્ટરની સ્પર્ધાત્મક પરિક્ષામાં ઉત્તિર્ણ થતાં આવકવેરા ખાતામાં નિમણૂંક મળી અને ઉત્તરોતર ખાતાકીય પરીક્ષાઓ પાસ કરીને ઈન્કમટેક્ષ ઑફિસર, ડેપ્યુટી કમિશ્નરના પદ પર બઢતી મળતી ગઈ અને વર્ષ ૨૦૦૪માં એડિશનલ કમિશ્નર પદેથી સેવા નિવૃત થઈ.

વર્ષ ૧૯૬૪માં મારાં લગ્ન ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર અને સંગીતકાર-ગાયક રાસબિહારી દેસાઈ સાથે થયાં. બંનેનો વ્યવસાય તદ્દન જુદો. સંગીતને વ્યવસાય તરીકે ન સ્વીકાર્યું હોવા છતાં સંગીત પ્રત્યેનાં અદમ્ય ખેંચાણને કારણે અમે જીવનમાં સંગીતની મહત્તા જરા પણ ઓછી ન આંકી. વ્યવસાય અને સંગીત સમાંતર જ ચાલ્યાં અને સંગીતને એક 'મિશન' તરીકે જ સ્વીકાર્યું.

સંગીત મને મારાં માતા-પિતા પાસેથી વારસામાં મળ્યું અને શાળા દરમ્યાન અપાયેલું પ્રોત્સાહન એમાં ભળ્યું. મારી સંગીતની પ્રાથમિક તાલીમ મધુરીબહેન ખરે અને ઉસ્તાદ ગુલામ અહમદખાં સાહેબ પાસે થઈ. વર્ષ ૧૯૬૧માં આકાશવાણી આયોજિત સુગમસંગીતની અખિલ ભારતીય સ્પર્ધામાં પસંદગી પામી તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણનના હસ્તે પરિતોષિક મેળવ્યું અને પરિણામ રૂપે આકાશવાણી અને દૂરદર્શનના કલાકાર તરીકે માન્યતા મેળવી. ૧૯૬૮માં ભારત સરકારના તત્કાલિન ઉપરાષ્ટ્રપતિ શ્રી ઝાકીરહુસેનજી અને વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈની હાજરીમાં યોજાયેલ કાર્યક્રમ 'ભારતકી ઝાંખી' માં ગુજરાતી ગીતો રજૂ કરવા આમંત્રણ મળ્યું. ૧૯૭૯ માં 'કાશીનો દીકરો ' ફિલ્મ માટે ગાયેલ ગીત માટે ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ગાયિકાનો એવોર્ડ એનાયત થયો. ૧૯૮૮માં મધ્યપ્રદેશ સરકારના આમંત્રણથી 'લતા મંગેશકર પુરસ્કાર અલંકરણ સમારોહ'માં ઈન્દોર ખાતે ગુજરાતી ગીતો પ્રસ્તુત કર્યા. ૧૯૯૭ માં ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા તત્કાલિન મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે ' નારી તું નારાયણી' એવોર્ડ એનાયત થયો. ૧૯૮૧ થી ૨૦૦૦ દરમ્યાન પતિ રાસબિહારી દેસાઈ સાથે અમેરિકા અને ઈંગ્લેન્ડના પ્રવાસોમાં ગુજરાતી કાવ્ય-સંગીતના પ્રચાર-પ્રસાર માટે કાર્યક્રમો માટે આમંત્રણ મળ્યું. આ દરમ્યાન સ્વતંત્ર અને સંયુક્ત રીતે ગુજરાતી-સંસ્કૃત ભાષાની દસેક સી.ડી. પ્રકાશિત થઈ. ૨૦૦૧માં પ્રતિષ્ઠિત અખબાર દિવ્યભાસ્કરમાં દેસાઈ દંપતિનો ગુજરાતની ૧૦૦ આગળ પડતી વ્યક્તિઓમાં સમાવેશ થયો અને એ જ વર્ષે 'વીરાંગનાઓની વસુંધરા ગરવી ગુજરાત' નામે પ્રકાશિત થયેલ પુસ્તકમાં એક 'નારી રત્ન' તરીકે સમાવેશ થયો. વર્ષ ૨૦૧૧માં ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત કરાયેલ કોફી-ટેબલ બુક' ગુજરાતની મહિલા શક્તિ-સામર્થ્યનું સ્મરણ' માં ગુજરાતી ગાયક અને Woman Achiever તરીકે સ્થાન મળ્યું. વર્ષ ૨૦૧૬માં જાણીતા ગુજરાતી અઠવાડિક ચિત્રલેખા મેગેઝીનની ખાસ પૂર્તિમાં 'ગૌરવવંતા ગુજરાતી' તરીકે મુલાકાત પ્રકાશિત થઈ અને એજ વર્ષે સાનફ્રાન્સિસ્કો ગુજરાતી કૉમ્યુનિટી અને ટહુકો ફાઉન્ડેશન દ્વારા દેસાઈ દંપતિનું ગુજરાતી સંગીતમાં જીવનપર્યંત નોંધપાત્ર યોગદાન આપવા અને સેવા કરવા બદલ બહુમાન થયું. વર્ષ ૨૦૨૧માં ગુજરાતી સંગીતની જીવનપર્યંતની સાધના અને વિશિષ્ટ પ્રદાન માટે વર્ષ ૧૯૨૦-૨૧ નો પૂ. મોરારીબાપુ પ્રેરિત 'અવિનાશ વ્યાસ સુગમ સંગીત એવોર્ડ એનાયત થયો વર્ષ ૨૦૨૩ માં આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી દીર્ઘસેવા અને નોંધપાત્ર યોગદાન માટે 'પ્રસારભારતી' ભારત સરકાર દ્વારા બહુમાન થયું.

અંતમાં એટલું તો ચોક્કસપણે કહીશ કે વ્યવસાય અને સંગીતક્ષેત્રે મારી જે કંઈ પ્રગતિ થઈ તે મારાં માતા-પિતા, આદર્શ શિક્ષકો, કુટુંબીજનો અને ખાસ તો પતિ રાસબિહારી દેસાઈના સહયોગ અને માર્ગદર્શનથી શક્ય બની. પૂરેપૂરો યશ આ સૌને જ આપવો પડે. જીવનના આ પડાવે સંગીત પ્રવૃતિમાં સ્વાન્ત:સુખાય પણ રત રહી શકું છું એનો મને અનહદ આત્મસંતોષ છે.

**વિભા જયેન્દ્રભાઈ વૈષ્ણવ**

# ડૉ. સુગતા બોઝ દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન

## તાઃ ૮.૧.૨૦૨૫ સ્થળ : સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિર



ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી, નેતાજી સુભાષચંદ્ર બોઝના દોહિત્ર ભત્રીજા ડૉ. સુગતા બોઝે સી.એન. સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં શેઠ સી.એન.વિદ્યાલય અને શેઠ સી.એન. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું અને સંવાદ કર્યો હતો. વિષય હતોઃ આપણે વિદ્યાર્થીઓએ ગાંધીજી, રવિન્દ્રનાથ ટાગોર અને સુભાષચંદ્ર બોઝના જીવનમાથી શું શીખી શકીએ? વિદ્યાવિહારની ગાંધી વિચારધારા અને નામી વકતાઓને પ્રાર્થનામંદિરમાં આમંત્રણ આપવાની પ્રણાલી અંતર્ગત વિદ્યાવિહાર માટે આ ઐતિહાસિક ક્ષણો હતી.તેમની મુલાકાતનો હેતુ આ મહાનુભાવોના જીવનના કાર્યો અને તેની પાછળ રહેલ અનન્ય દેશપ્રેમ અને સમર્પણ વિશે સમજ આપવાનો અને વર્તમાન વિદ્યાર્થીઓ તેમના પ્રેરણાદાયી જીવનમાંથી પાઠ શીખે એ હતો. ડૉ. સુગતા બોઝ શિક્ષણવિદ્, ઇતિહાસકાર અને રાજકારણી છે, તેઓએ Tufts University તેમજ Harvard University Gardiner Chair of Oceanic History and Affairs સાથે સંકળાયેલ હતા ઉપરાંત તેઓ કલકત્તામાં Netaji Research Beuroના ડાયરેક્ટર પણ છે.

# ડૉ. નટવર ગાંધીનું વિદ્યાર્થીઓને સંબોધન

## તાઃ ૨૦.૧.૨૦૨૪ સ્થળઃ સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિર



ડૉ.નટવર ગાંધીએ Former Chief Financial Officer (CFO) of Columbia district, USA, સી.એન. સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિર ખાતે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. તેઓએ આ સ્થાન પર પહોચવા સુધી કેટલા સંઘર્ષોનો દ્રઢતાથી સામનો કર્યો હતો તે જણાવ્યુ હતું. તેઓએ વિદ્યાર્થીઓને હંમેશા એક ધ્યેય નક્કી કરીને તેની સિદ્ધિ માટે ગમે તેટલા પડકારોનો સામનો કરી સ્વપ્નોને સાકાર કરવા માટે અવિરત પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોનાં જવાબો આપી તેમની જિજ્ઞાસાને સંતોષી હતી. ઉપરોક્ત બંને મહેમાનોના વક્તવ્યનું આયોજન પૂર્વ વિદ્યાર્થી શ્રી નીતિન શુક્લ (૧૯૬૭ની બેચ) (ટ્રસ્ટી, Sabarmati Ashram Preservation & Memorial Trust ) અને Former M.D. & CEP` Hazira LNG Pvt. Ltd. & Hazira Port Pvt. Ltd.) ના પ્રયત્નોથી શક્ય બન્યું હતું.


## શેઠ સી. એન.વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી પંકજભાઈ પટેલ(૧૯૬૮ની બેચ) રાષ્ટ્રીય સન્માન 'પદ્મભૂષણ'થી સન્માનિત

દેશના ૭૬માં ગણતંત્રદિન ૨૬.૧.૨૦૨૫ના રોજ થયેલ ઘોષણા અનુસાર શેઠ સી.એન. વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી પંકજભાઈ પટેલને તેમના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન માટે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સન્માન 'પદ્મભૂષણ' એનાયત થશે. વિદ્યાવિહાર પરિવાર અને ગુજરાત માટે આ એક ખૂબ જ ગૌરવપ્રદ બાબત છે. તેમની કંપની Zydus Lifesciences Ltd. (Cadila Health Care Ltd.) દ્વારા તેઓ સ્વાસ્થ્ય ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરી રહ્યા છે. Zydus Lifesciences Ltd. (Cadila Health Care Ltd.) દ્વારા વિકસાવેલ COVID 19 DNA આધારિત Vaccineની શોધમાં મેળવેલ સફળતા ખૂબ જ મહત્વની છે. તેમનું રિઝર્વ બેન્ક ઓફ ઈંડિયાના બોર્ડમાં પાર્ટ ટાઈમ નોન ઓફિશિયલ ડિરેક્ટર તરીકે દેશના અર્થતંત્રને મજબૂત બનાવવામાં માર્ગદર્શન, સમાજસેવા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધિઓ વિદ્યાવિહાર માટે ખૂબ ગૌરવપ્રદ બાબત છે સાથે જ વર્તમાન વિદ્યાર્થીઓ, યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. વિદ્યાવિહાર પરિવાર શ્રી પંકજભાઈને આ રાષ્ટ્રીય સન્માન બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા સાથે ભવિષ્યમાં પણ અનેક વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે શુભેચ્છાઓ પાઠવે છે.




## શેઠ સી.એન. ફાઇન આર્ટ્સ કોલેજની સલાહકાર સમિતીના સભ્ય શ્રી રતન પરિમુ પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત

તાઃ ૨૬મી જાન્યુઆરીના રોજ કેન્દ્ર સરકાર દ્વારા પદ્મ એવોર્ડની ઘોષણા કરવામાં આવી છે. શ્રી રતન પરિમુને તેમના ભારતીય કલા ઇતિહાસ અને શિક્ષણ ક્ષેત્રે પ્રદાન બદલ રાષ્ટ્રીય સન્માન 'પદ્મશ્રી' એનાયત કરવામાં આવશે. શેઠ સી. એન. ફાઇન આર્ટ્સ કોલેજની સલાહકાર સમિતિના સભ્ય એવા શ્રી રતન પરિમુને શેઠ સી.એન. વિદ્યાવિહાર તરફથી આ રાષ્ટ્રીય સન્માન બદલ હાર્દિક શુભેચ્છાઓ.



## શેઠ સી.એન.વિદ્યાલયના વાલી-કવિ શ્રી તુષાર શુક્લ પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત

તાઃ ૨૬મી જાન્યુઆરીના રોજ કેન્દ્ર સરકાર દ્વારા પદ્મ એવોર્ડની ઘોષણા કરવામાં આવી છે. શ્રી તુષાર શુક્લને તેમના સાહિત્ય ક્ષેત્રે પ્રદાન બદલ રાષ્ટ્રીય સન્માન 'પદ્મશ્રી' એનાયત કરવામાં આવશે. તેઓ વિદ્યાવિહારના વાલી તરીકે વિદ્યાવિહાર સાથે સંકળાયેલા છે. શ્રી તુષાર શુકલને શેઠ સી.એન.વિદ્યાવિહાર તરફથી આ રાષ્ટ્રીય સન્માન બદલ હાર્દિક શુભેચ્છાઓ.



**હેતલ મહેતા,**
ARO, શેઠ સી.એન.વિદ્યાવિહાર

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે પ્રાર્થનાસભામાં ૧૯૯૨ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓની હાજરી



તાઃ ૨૮.૨.૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે યોજાયેલ પ્રાર્થના સભામાં ૧૯૯૨ની બેચના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. યુ.એસ. સ્થિત ડૉ.ભાવિ મહેતા અને અમદાવાદ સ્થિત અર્પિત મશરૂવાલાએ વિદ્યાર્થીઓને ઉદ્દબોધન કર્યું હતું. પોતાની શાળા સમયની સ્મૃતિઓને અને પ્રાર્થના મંદિરના સંભારણાઓ યાદ કર્યા તેમજ વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય માટે અભિમુખ કર્યા. જીવનમાં ડગલેને પગલે વિજ્ઞાન વિષયનો ઉપયોગ સમજાવ્યો. ડૉ.સી. વી. રામન વિશે અને તેમની શોધ વિશે વાત કરી. 'રામન ઈફેક્ટ'ની શોધની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ શોધ માટે તેમને ૧૯૩૦માં નોબેલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. Alumni Relations Office દ્વારા ૧૯૯૨ની બેચના વિદ્યાર્થીની નિકિતા દેસાઈની વિનંતી અન્વયે પ્રાર્થના સભામાં હાજર રહી વિદ્યાર્થીઓને સંબોધન કરવા અને જરૂરી વ્યવસ્થા બાબત સંકલન કરવામાં આવ્યું હતું.

## શ્રી ઇન્દુમતીબહેનના ૪૧માં નિર્વાણદિન નિમિત્તે શ્રદ્ધાંજલી



ધોરણ ૯-ડ ના વિદ્યાર્થી આંધ્રપ્રિય હેત દ્વારા ઇન્દુમતીબહેન શેઠના ૪૧માં નિર્વાણદિન નિમિત્તે તેમના કાર્યોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. શ્રી હેતે જણાવ્યું હતું કે, શિક્ષણ અને સમાજના ક્ષેત્રમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારું એક અનોખું વ્યક્તિત્વ એટલે સંસ્કારમૂર્તિ ઇન્દુમતીબહેન શેઠ. તેઓશ્રીનો જન્મ તા.૨૮ નવેમ્બર ૧૯૦૬ના રોજ અમદાવાદમાં થયો હતો. તેઓ ચીમનલાલ શેઠ અને માણેકબાના દીકરી હતા. મહાત્મા ગાંધીથી પ્રભાવિત થઈને તેઓએ ભારતની આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. શેઠ સી. એન. વિદ્યાલયના પ્રથમ શિક્ષિકા તરીકે તથા મુંબઈ અને ગુજરાત રાજ્યમાં શિક્ષણ મંત્રી તરીકે પણ તેઓએ સેવાઓ આપી હતી. સમાજના ઉત્કર્ષ માટે જુદી જુદી ૨૧ જેટલી સંસ્થાઓ સાથે જોડાઈને તેઓશ્રીએ શૈક્ષણિક નવનિધાન, રાષ્ટ્રીય નવનિર્માણ, મહિલા ઉત્થાન માટે સમુન્નતિ ટ્રસ્ટ, નશાબંધી, બાળકેળવણી જેવી વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરી હતી. દેશ અને સમાજ માટે તેઓશ્રીએ આપેલ યોગદાન બદલ ભારત સરકાર દ્વારા તેઓને વર્ષ ૧૯૭૦ માં પદ્મશ્રી એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓનું સમગ્ર જીવન સમાજ માટે આદર્શ અને પ્રેરણાદાયી રહ્યું છે.

**ધવલ પાઠક**, આચાર્ય, શેઠ ચી. ન. વિદ્યાલય

## કિશોર વિદ્યાલયની સાહિત્ય સભામાં ૧૯૬૫ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓની હાજરી



ગુરુવાર, તા.૯.૧.૨૦૨૫ના રોજ કિશોર વિદ્યાલયમાં સાહિત્યસભાનું આયોજન થયેલ. જેમાં ૧૯૬૫ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપેલ હતી. આ પૂર્વ વિદ્યાર્થીઓએ પ્રાર્થના મંદિરમાં ઉપસ્થિત રહીને પોતાના શાળાકીય દિવસોને ફરી એકવાર યાદ કરી માણેલ. પ્રાર્થના મંદિરમાં સંગીતવૃંદ દ્વારા પ્રાર્થના ઉપરાંત વિદ્યાવિહારમાં ગવાતા વર્ષો જૂના ગીતો જેવાં કે, હે માં શારદા......... , હવામાં આજ વહે છે........ , ફરક ફરક તું......... , અમે નમીએ તને ........... , વગેરે ગીતોની પ્રસ્તુતિ થઇ. ત્યારબાદ ધોરણ-૬ક ના વિદ્યાર્થીઓએ ગુજરાતી નાટક પ્રસ્તુત કરેલ. પૂર્વ વિદ્યાર્થીઓમાથી (BITS) Birla Institute of Technology & Scienceના પ્રથમ મહિલા ઈલેક્ટ્રોનિક એન્જિનિયર તેમજ IETE (Institute of Electronics & Telecommunication Engineers ના પ્રથમ મહિલા પ્રમુખ એવા સ્મૃતિ ડાગુરે તેમના શાળા સમયના સ્મરણો તાજા કર્યા હતા. તેઓએ વિદ્યાવિહારનું તેમના જીવનમાં અને કારકિર્દીમાં અમુલ્ય પ્રદાન રહ્યું છે એમ જણાવ્યુ હતું. અન્ય પૂર્વ વિદ્યાર્થી શ્રી નીરદ દલાલે પણ તેમના જીવનમાં શાળાના મહત્વપૂર્ણ પ્રદાન વિષે વાત કરી હતી અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

૧૯૬૫ની બેચના વિદ્યાર્થીઓની પ્રાર્થના સભામાં હાજર રહી વિદ્યાર્થીઓને સંબોધન કરવાની ઈચ્છા અનુસાર Alumni Relations Office દ્વારા આચાર્યશ્રી સાથે સંકલન કરવામાં આવ્યું હતું.

**અલ્કેશ ગજ્જર**
આચાર્ય, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

# સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં નાટક 'ઓહ વુમનિયા'ની રજૂઆત



વિદ્યાવિહાર પરિસર પર વિદ્યાર્થીઓના ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર, સર્વાંગી વિકાસ અને મૌલિક અભિવ્યક્તિનું એક ઉત્કૃષ્ટ માધ્યમ એટલે સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિર. જે વિદ્યાવિહાર પરિવારજનોના હૃદયમાં એક અનોખુ અને આદરભર્યું સ્થાન ધરાવે છે. વિદ્યાવિહારે વિવિધ ક્ષેત્રે અનેક વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ નાગરિકો સમાજને આપ્યા છે, જેમનો પાયો પ્રાર્થના મંદિરમાં ઘડાયો છે.



સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં તા.૧૮.૩.૨૦૨૫ના રોજ શાળાકીય દિવસોની યાદોને તાજી કરવા પૂર્વ વિદ્યાર્થીઓના એક જુથ દ્વારા વિદ્યાવિહારના પૂર્વ વિદ્યાર્થીઓ માટે એક સામાજિક સંદેશ સાથેના નાટક 'ઓહ વુમનીયા'ની રજુઆતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકના મુખ્ય નાયિકા જીગ્ના વ્યાસ વિદ્યાલયના ૧૯૯૮ની બેચના વિદ્યાર્થીની છે.



કાર્યક્રમની શરૂઆતમાં આ નાટકના દિગ્દર્શક અને કવિ-લેખક શ્રી સૌમ્ય જોશીએ સુંદર અને સમયની વાસ્તવિકતાસભર રચનાઓને રમૂજી અંદાજમાં પણ અસરકારક રજૂઆત કરી હતી.



૨૧મી સદીમાં સ્ત્રીઓની વિવિધ ક્ષેત્રે અનેક ઉપલબ્ધીઓ છતાં સ્ત્રીઓ પ્રત્યેના સામાજિક વલણમાં કે માનસિકતામાં સમાજમાં ઘણું ઓછું પરીવર્તન આવ્યું છે. સ્ત્રી એક જીવતી જાગતી વ્યક્તિ છે કોઈ વસ્તુ નથી. તેને પોતાની લાગણી, પ્રેમ, સ્વતંત્ર વિચારો, આશાઓ, સ્વપ્નો, સ્વાભિમાન તેમજ આત્મસન્માન હોય જ. નાટકની સ્ક્રીપ્ટ અનુસાર જીગ્ના વ્યાસે ટ્રેનની મુસાફરી દરમ્યાન સંપર્કમાં આવેલ મહિલાઓની માનસિકતા ખૂબ જ સુંદર રીતે હળવા મૂડમાં રજૂ કરી હતી. જેણે પુરુષપ્રધાન સમાજમાં પુરુષોના આધિપત્ય નીચે જીવતી સ્ત્રીઓની માનસિકતા છતી કરી હતી.



જીગ્ના વ્યાસ અને સાથી કલાકારોએ પ. બંગાળમાં મહિલા ડૉ. સાથે થયેલ જઘન્ય અત્યાચાર જેવા અતિ સંવેદનશીલ વિષયને અદ્‌ભુત અને હૃદયદ્રાવક રીતે પ્રસ્તુત કર્યો હતો. થોડા સમયમા આવેગયુક્ત વિરોધ બાદ આવી ઘટનાઓ ભુલાઈ જાય છે તેમજ આવા અત્યાચાર બહુજ સામાન્ય સમાચારની જેમ ધ્યાને પણ લેવાતા નથી. આવા અપરાધોની સામે તેમજ આવા અપરાધોને રોકવા સમાજને ખૂબ મજબૂત બની મશાલ નિરંતર પ્રજ્વલિત રાખવા હાકલ કરી હતી. આ માટે સ્ત્રીઓએ જ મજબૂત બનવું પડશે અને પુરૂષોએ એમને સાથ આપવો પડશે. સૌમ્ય જોશીના લાજવાબ લેખન-દિગ્દર્શન હેઠળ મુખ્ય નાયિકા જીગ્ના વ્યાસ જોશીએ જીવંત અને ભાવસભર અભિનય દ્વારા સહુને સંવેદનાથી હચમચાવી મૂક્યા હતા, અને સાથી કલાકારોની અદાકારી પણ સુંદર રહી હતી.

જીગ્ના વ્યાસે પ્રાર્થના મંદિરમાં તેમને આ પ્રસ્તુતિની તક આપવા બદલ વિદ્યાવિહારનો આભાર વ્યકત કર્યો હતો.

**હેતલ મહેતા**, ARO , શેઠ સી.એન.વિદ્યાવિહાર

# સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં ઉદ્યોગપતિ શ્રી રાહુલ શુક્લના વક્તવ્યનું આયોજન

શેઠ સી.એન. વિદ્યાવિહારના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્ષેત્રે સફળ થયેલા વ્યક્તિઓની વ્યાખ્યાન સિરીઝ ગોઠવવામાં આવે છે. આ વખતે તાઃ૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ઉદ્યોગિક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શૂન્યમાંથી સર્જન કરી હાલ ખૂબ જ નામના ધરાવનાર શ્રી રાહુલ શુક્લ મહેમાન તરીકે પધાર્યા હતા. શ્રી રાહુલ શુક્લ મિકેનીકલ એન્જીનીયર થયા બાદ U.S.A.ખાતે ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીયર તરીકેની M.S. ની પદવી પ્રાપ્ત કરેલ. અભ્યાસ બાદ એસ.એસ.વ્હાઈટ ટેકનોલોજીસ કંપનીમાં ક્વૉલીટી ઇન્સ્પેક્ટર તરીકે નોકરી શરૂ કરી સમય જતાં ડ્રાફ્ટસમેન, મેથડ એન્જીનીયર, ઇન્ડસ્ટ્રીયલ એન્જિનિયરિંગના મેનેજર, ડાયરેક્ટર ઓફ રિસર્ચ અને ડેવલપમેન્ટ સુધી કાર્ય કરી એજ કંપની ખરીદીને પ્રેસિડેન્ટ અને C.E.O. તરીકે કાર્યભાર સંભાળેલ છે.





હાલમાં U.S.A., લંડન અને વઢવાણ-સુરેન્દ્રનગર ખાતે પોતાની કંપનીઓ શરૂ કરેલ છે. જેમાં વિમાનના વિવિધ સ્પેરપાર્ટસ, ઓર્થોપેડીકના સાધનોનું ઉત્પાદન થાય છે. વિશ્વના ૧૦% વિમાનમાં તેમની કંપનીના વિવિધ પાર્ટસનો ઉપયોગ થાય છે. ઉપરોક્ત બેકગ્રાઉન્ડ ધરાવનાર શ્રી રાહુલ શુકલએ વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને સહજ શૈલીમાં રમૂજ સાથે વાસ્તવિક ઉદાહરણો આપી પોતાનું વક્તવ્ય આપેલ હતું. જેના કેટલાંક અંશો અહીં રજૂ કરવામાં આવેલ છે.

૧) દરેક વ્યક્તિએ મહિનામાં ઓછામાં ઓછા બે પુસ્તકો અચૂક વાંચવા જોઈએ.

૨) રાત્રે સૂતી વખતે પોતાની જાતને પૂછવું જોઈએ કે આજે હું નવું શું શીખ્યો?

૩) જે વ્યક્તિ શિખતી નથી તે વૃદ્ધ છે. અને જે શીખે છે તે આજીવન વિદ્યાર્થી છે.

૪) આજના સમયમાં ૨૦ વર્ષની ઉંમરે વાંચન વગર વ્યક્તિ વૃદ્ધ થાય છે. જ્યારે પોતે ઉપરોક્ત નિયમનું પાલન કરી ૭૭ વર્ષે પણ વિદ્યાર્થી તરીકે જીવે છે.

૫) સતત વાંચન કરવાથી વાંચવાની ઝડપ વધે છે અને ઝડપ વધે એટલે વધુ વાંચન થાય છે.

૬) ફિલ્મો જોવી એટલે સામેવાળાની કલ્પના ઉધાર લેવી. જ્યારે વાંચનથી તમારી પોતાની કલ્પના શક્તિઓ ખીલશે.

૭) શાહરુખ ખાન કે અન્ય હીરોની ફિલ્મ જોવી એટલે તેણે બનાવેલી દુનિયા જોવી. તેવું શા માટે? વાંચનથી આપણી કલ્પના શક્તિના વિકાસથી આપણી જ દુનિયા જોઈ અને માણી શકીએ છીએ.

૮) આપણી તમામ પ્રગતિમાં ફાળો આપણા શિક્ષકોનો છે. તેમના જણાવ્યા પ્રમાણે ''મને ગધેડામાંથી ઘોડો બનાવ્યો'' મારા શિક્ષકોનો હું દિલથી આભારી છું.

૯) દરેક વ્યક્તિએ આદત કેળવવી જોઈએ કે સામેની વ્યક્તિનો દિલથી આભાર માનવો.

૧૦) બીજાના વખાણ કરવાની આદત પાડો.

૧૧) કોઈ મદદ કરે તો તેના પ્રત્યે આભારની લાગણી જીવનભર અવશ્ય રાખો.

૧૨) કમ્પ્લેન કરવાવાળા ઘણા હશે. પણ તમે કોઈ પણ કામને આનંદથી અને મન દઈને કરો.

૧૩) કાચબો ક્યારેય દિવાલની પાળી પર જાતે ચડતો નથી. તેને ત્યાં અન્યની મદદથી મુકવામાં આવે છે. તેવી જ રીતે કેટલાય સજ્જનોની મદદ અને માર્ગદર્શનથી જ માણસ આગળ વધી શકે છે.

૧૪) ભૂખ્યા માણસ પાપ કરે તો કદાચ ભગવાન પણ માફ કરે છે. પરંતુ આત્મવિશ્વાસ વગરના અને મન વગર કામ કરનાર વ્યક્તિ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી.

૧૫) માત્ર જરૂરી માહિતી મેળવીએ એ સ્કોલર નથી. સ્કોલર અને આત્મવિશ્વાસુ બનવા માટે જરૂર કરતાં પણ વધુ માહિતી મેળવવી પડે અને વધુમાં વધુ પુસ્તકો વાંચવા પડે છે.

૧૬) હોશિયાર અને આત્મવિશ્વાસ વાળી વ્યક્તિ ધીમેથી અને સ્પષ્ટ બોલે છે. જ્યારે આત્મવિશ્વાસ વગરની વ્યક્તિ ખૂબ જ ઝડપથી બોલે છે.

૧૭) આત્મવિશ્વાસુ વ્યક્તિ ધ્યાન દઈને બીજાને સાંભળે છે.

૧૮) બહિર્ગોળ લેન્સથી સૂર્યના કિરણો એક જ જગ્યાએ એકત્રિત કરવાથી કાગળમાં આગ લગાડી શકાય છે. પરંતુ તે જ કાગળને આખો દિવસ સૂર્યના તાપમાં મૂકી રાખવાથી આગ લગાડી શકાતી નથી. એટલે કે કોઈપણ કાર્યમાં તમારી જાતને ફોક્સ (એકાગ્ર) કરવાથી પરિણામ મેળવી શકો છો.

૧૯) આત્મવિશ્વાસ, એનર્જી અને એકાગ્રતાથી કાર્ય કરશો તો દુનિયામાં કશું જ અશક્ય નથી.

**શ્રી હિતેન્દ્ર ત્રિવેદી**
નિયામક,શેઠ સી.એન,વિદ્યાવિહાર
(ગુજરાતી માધ્યમ શાળાઓ)

# બાળકોનું જીવન ઘડતર

વસુદેવ કુટુંબકમ્ (આખી પૃથ્વી એક કુટુંબ છે.) એ આપણો સંસ્કૃતિ મંત્ર છે. આ સંસ્કૃતિનું સર્જન કેમ થાય છે ? વિનોબાજી સમજાવે છે, - પહેલા કૃતિ પછી સંસ્કૃતિ _ એટલે કે પહેલા કોઈ શ્રેષ્ઠ વ્યક્તિના આચરણને સમાજ જુએ છે - એ આચરણથી સમાજ પ્રભાવિત બને છે; અને એ શ્રેષ્ઠ વ્યક્તિના આચરણને અનુસરવાનો સમાજ પ્રયત્ન કરે છે આમાંથી સંસ્કૃતિનો જન્મ થાય છે.



'વિશ્વ'એ સમાજજીવનનું સૌથી મોટું એકમ છે; જ્યારે કુટુંબ સમાજનું નાનામાં નાનું એકમ છે. માતા-પિતા કુટુંબની શ્રેષ્ઠ વ્યક્તિઓ છે. આ માતાપિતાના રોજબરોજના આચરણની બાળકો પર અસર થાય છે. બાળકોના જીવનઘડતર પર માતાપિતાની સૌથી વધુ અસર પડે છે. આ પછી બાળકો માટે શ્રેષ્ઠ વ્યક્તિઓ એમના શિક્ષકો છે. માતા પિતાની જેમજ શિક્ષકોના આચરણની વિદ્યાર્થીઓ પર સૌથી વધુ અસર થાય છે. આ પછી આવે છે સામાજિક આગેવાનો. સમાજ જીવનમાં જે સુધારા થાય છે તે આ સામાજિક આગેવાનોના જીવન અને તેમણે આચરેલા સિદ્ધાંતોને આધારે થાય છે. આ સામાજિક આગેવાનોમાં સાધુ-સંન્યાસીઓ અને સામાજિક-રાજકીય આગેવાનોનો સમાવેશ થાય છે. આ લોકોનું જીવન સમાજ માટે આદર્શ ઉભો કરે છે. આ સાધુ-સંતો, સામાજિક આગેવાનો, રાજકીય આગેવાનો વિશાળ અર્થમાં શિક્ષકો જ છે. ઉચ્ચ જીવન કેમ જીવવું એ આ સૌ પોતાના જીવન દ્વારા લોકોને શીખવે છે. આ કારણે માતા-પિતા, શિક્ષકો, સાધુ-સંતો, સામાજિક-રાજકીય આગેવાનો - આ બધાની ઘણી મોટી જવાબદારી બને છે. શ્રીકૃષ્ણનું પોતાનું જીવન ઉચ્ચ માનવજીવનનો સર્વોત્તમ આદર્શ છે. શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ કહેવાયા. માનવજીવન એની શ્રેષ્ઠતાની કક્ષાએ કેવું હોય એનું સર્વોત્તમ દ્રષ્ટાંત શ્રીકૃષ્ણે પોતાના જીવન દ્વારા રજૂ કર્યું. એક શ્રેષ્ઠ વ્યક્તિ પોતાની જવાબદારી કેવી સમજે છે એ શ્રીકૃષ્ણના જીવનમાંથી ફલિત થાય છે.

**ગીતામાં, શ્રી કૃષ્ણ કહે છેઃ**

યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્ય તન્દ્રિતઃ ।
મમ વત્મનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥

કેમ કે હે પાર્થ! જો કદાચ હું સાવધાન થઈને કર્મોમાં ન વર્તુ તો ભારે હાની થઈ જાય; કારણ કે, માણસો બધી રીતે મારા માર્ગનું અનુસરણ કરે છે.

સમાજની શ્રેષ્ઠ વ્યક્તિઓ માટે આ શ્લોક દીવાદાંડી સમાન છે. સમાજની શ્રેષ્ઠ વ્યક્તિઓનું આચરણ અન્ય લોકો માટે આદર્શ બને છે. સમાજની શ્રેષ્ઠ વ્યક્તિઓ જેવું આચરણ કરે છે તેવું બીજા લોકો કરે છે. એટલે શ્રેષ્ઠ વ્યક્તિઓની જવાબદારી ઘણી વધી જાય છે. શ્રેષ્ઠ વ્યક્તિઓની એમની જવાબદારી સમજાવવા માટે શ્રીકૃષ્ણનું જીવન ઉદાહરણરૂપ છે. આ કારણે શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ કહેવાયા. શ્રીકૃષ્ણ કહે છે જો હું મારા વાણી-વર્તનમાં સાવધાન રહીને ન વર્તુ તો બીજાઓ પણ એ પ્રમાણે વર્તે. ને સમાજનું ધીરે ધીરે પતન થાય. સમાજના બધા ક્ષેત્રોના આગેવાનોએ આમાંથી બોધપાઠ લેવો જોઈએ.

આ શ્લોકનો દેખીતો અર્થ તો તરત ગ્રહણ થઈ શકે તેવો છે; પણ આ શ્લોકનો મર્મ ગ્રહણ કરવો એ પણ એટલું જરૂરી છે 'શ્રેષ્ઠ વ્યક્તિઓ'ના શબ્દાર્થથી અટકી જવું યોગ્ય નહિ થાય. સમાજની શ્રેષ્ઠ વ્યક્તિઓ એટલે સાધુ-સંતો, સામાજિક-રાજકીય કાર્યકર્તાઓ એટલો જ સીમિત અર્થ નથી કરવાનો. આપણે પ્રારંભમાં વાત કરી કે સમાજનું નાનામાં નાનું એકમ કુટુંબ છે અને મોટામાં મોટું એકમ વિશ્વ છે. કુટુંબને લઘુત્તમ એકમ ગણીએ તો દાદા-દાદી અને માતા-પિતા કુટુંબના વડા ગણાય. એમના વાણી-વર્તનની પ્રબળ અસર બાળકો પર પડે છે; જો કે હવે સમાજમાં બદલાવ આવતો જાય છે. કુટુંબો તૂટતા જાય છે; બાળકો હવે દાદા-દાદીના વાત્સલ્યથી વંચિત થતા જાય છે. આ પરિસ્થિતિમાં માતા-પિતાની જવાબદારી ઘણી વધી જાય છે. માતા-પિતામાં પણ માતાની અસર સવિશેષ થાય છે. બાળકોના સંસ્કાર ઘડતરમાં મુખ્ય ફાળો માતાનો હોય છે મહાન વ્યક્તિઓની આત્મકથાઓમાં લગભગ દરેક મહાન વ્યક્તિ પોતાના ઘડતરનો યશ પોતાની માતાને આપ્યો છે. આ કારણે જ માતા પિતાએ પોતાના વાણી-વર્તન અંગે સતત સાવધાન રહેવું જોઈએ.

ઘર પછી બાળકો માટે મહત્વનું સ્થાન 'શાળા' છે. એવો પણ સમય આવે છે, જેમાં વિદ્યાર્થી દિવસનો મોટાભાગનો સમય શાળામાં વિતાવે છે. ઘરની પછી- અથવા ઘણીવાર ઘર કરતા પણ શાળાની - એટલે કે શિક્ષકો અને શાળાના વાતાવરણની અસર વિદ્યાર્થીઓ પર વિશેષ થાય છે. શાળા પછી કોલેજના અધ્યાપકો અને કોલેજના વાતાવરણની અસર થાય છે. અલબત્ત, વિદ્યાર્થી કોલેજમાં પહોંચે છે ત્યારે એનું ભાવજગત ઘડાઈ ચૂક્યું હોય છે. આ ભાવજગતને વધુ સુરેખ બનાવવામાં કોલેજના અધ્યાપકોનું વિશેષ યોગદાન હોય છે. લગભગ બધી જ મહાન વ્યક્તિઓએ એમના ઘડતરમાં એમના વિકાસમાં શાળા- કોલેજના શિક્ષકોના યોગદાનનું ઋણ સ્વીકાર્યું છે.

સંસ્કૃતમાં 'આચાર્ય' શબ્દનો અર્થ 'શિક્ષક' થાય છે. જે આચરે છે તે આચાર્ય. શિક્ષક યોગ્ય આચરણનો આદર્શ ગણાય છે. ગુજરાતી ભાષામાં આચાર્યનો અર્થ સીમિત કરી દેવામાં આવ્યો છે. શાળાના હેડમાસ્તર અથવા કોલેજના પ્રિન્સિપાલને 'આચાર્ય' કહેવામાં આવે છે. 'આચાર્ય' શબ્દ અત્યારે હોદ્દાસૂચક બની ગયો છે; પરંતુ, ખરેખર તો શાળાના આચાર્ય એટલે શાળાના મુખ્ય શિક્ષક. કોલેજના આચાર્ય એટલે મુખ્ય પ્રોફેસર. સેનાપતિ જેમ મુખ્ય સૈનિક છે તેમ. ખરેખર તો આચરણની બાબતમાં મુખ્ય શિક્ષક, પ્રોફેસર કે મુખ્ય સૈનિકની જવાબદારી વિશેષ હોય છે. ગીતા આ શ્લોક દ્વારા આપણને ભારપૂર્વક શીખવે છે કે માતા-પિતા અને શિક્ષકોનું આચરણ જેવું હશે એવું આચરણ સંતાનોનું અને વિદ્યાર્થીઓનું થશે. એટલે સમાજના બધા ક્ષેત્રોમાં અગ્રણીઓએ પોતાના વાણી-વર્તન અંગે સાવધાન રહેવું જોઈએ; કારણ કે, બાળકો, વિદ્યાર્થીઓ અને નાગરિકો એમને અનુસરે છે.

સંદર્ભ- ગીતા અમૃત - શ્રી રતિલાલ બોરીસાગર

**ડોડિયા ગૌતમ વજુભાઈ**

ડી.એલ.એડ્ દ્વિતીય વર્ષ

# જો આ દુનિયા બદલવાની આઝાદી બાળકોને આપવામાં આવે તો?

જો આપણા શહેરો બનાવવાની આઝાદી બાળકોને આપવામાં આવે તો? તો આ વિશ્વ જેવું છે તેનાથી કેટલું બધું જુદું બની જાય? આપણા શહેરો જેવા છે તેના કરતાં વધુ હૂંફાળા, હેતાળ અને વિસ્મયકારક જરૂર બની જાય.



રાજકારણીઓ અને અર્બન પ્લાનિંગ કરતાં ડિઝાઇનર્સે બાળકોની કલ્પનાશક્તિનો સદુપયોગ કરવો જોઈએ કારણ કે, બાળકોને મન એ દરેક વસ્તુની કિંમત ઘણી વધારે હોય છે, જેની મોટેરાંઓ દરકાર પણ કરતાં નથી. બાળકોને કુદરત વધુ ગમે. બાળકો સ્વભાવગત 'બાયોફિલિક - નિસર્ગપ્રેમી' હોય. આપણી આસપાસ સહજીવન જીવતાં પ્રાણીઓ, સહજ રીતે ખીલતાં-કરમાતાં રંગબેરંગી ફૂલો, વૃક્ષો પર ટહુકતાં અનેકવિધ પંખીઓ, માટીમાં વિચરતાં જંતુઓ, પાણી અને પવનના પ્રવાહો સાથે બાળકોને આપણાથી વધુ લગાવ હોય છે. ખાસ તો બદલાતી ઋતુ પ્રમાણે પૃથ્વીના બદલાતા કુદરતી મિજાજના સહજ આનંદની ઊંડી અસર બાળકના મન પર હોય છે. કદી કોઈ ફ્લેટમાં રહેલા બાળકને ખુલ્લા મેદાન, મોકળા બગીચા કે જંગલ, પહાડ, નદી, ઝરણાં, દરિયા પાસે રમવા લઇ જાઓ અને પછી માત્ર જુઓ કે બાળક એની મેળે કેટલું ખીલે છે, કેટલા ઉત્સાહથી કુદરતને પોતાના બંને હાથ પહોળા કરીને બાથ ભરે છે, કેટલી સહજતાથી નિસર્ગનો અનહદ નાદ એના કુમળા અંતરમાં ઝીલે છે!

શહેરોની ગૂંગળામણથી બાળપણને સમયાંતરે આઝાદ કરવાની જવાબદારી કોની? સરકારોની? વાલીઓની? શાળાઓની?

જરા યાદ કરો તમારું પોતાનું બાળપણ. માટીમાં રમવાનો કેટલો આનંદ આવતો! રેતીમાં મહેલો ચણવાની કેવી મજા પડતી! અમે તો ઘરની પછવાડે માટીમાં નિરાંતે રમ્યા જ કરતા. નવરાત્રીમાં માટીનો ગબ્બર અને મહોલ્લા-માતા બનાવવાનો આહલાદ અનેરો હતો. લેગો બ્રિક્સથી બનતી પ્લાસ્ટિક દુનિયા રોચક છે, બાળકને નવસર્જનની તક આપે છે, પરંતુ સાથે જ તે બાળકની સર્જનશક્તિને એક મર્યાદામાં બાંધે છે. અમારા સી.એન. શિશુવિહારના દિવસો યાદ કરું તો અમે બોરસલ્લીના છાંયડે રમતાં. નીચે પડેલી પાકી કેસરી બોરસલ્લી એકઠી કરીને ચાખી-ચાખીને ખાતાં. પહેલા ધોરણના વર્ગશિક્ષક મેરીબહેન અમને ખેતી કરાવવા લઈ જતાં. રિસેસમાં હિંચકા કે લપસણીમાં આપણો વારો ન આવે તો શિશુવિહારના મેદાનની રેતીમા પગ ખૂંપાવીને રેતી વડે રમ્યા કરતાં. આખો વર્ગ પ્રવાસમાં જતો ત્યારે પણ કોઈ નદી, ડુંગરા, ઝરણાંનો લ્હાવો લેવો એ જ પ્રયોજન રહેતું.

હવે પરિવારના પ્રવાસની સાદગીને રીલ્સ અને સ્ટેટ્સમાં મૂકાતા ફોટોઝનો રંગ ચડ્યો છે. બાળપણના વિસ્મયને મોબાઈલ સ્ક્રીનના ગ્લેમરનો ડંખ વાગ્યો છે. મોબાઈલ સ્ક્રીનને ચોંટેલી આંખો બાળકને વશીભૂત કરી દે છે. અસલી વૃક્ષનો લીલો રંગ આંખોને ઠંડક આપે કે લેપટોપ પર જોયેલા એમેઝોનના જંગલ? નરી આંખે જોયેલા મેઘધનુષની સરખામણી ટેબ્લેટમાં જોયેલા કાર્ટૂન સાથે થઇ શકે ભલા? બજાર અને નફો સૌથી પહેલો ભોગ કુતુહલનો લઇ લે છે.
બજારને મન કુતુહલ પણ નાણાંકીય નફા-નુકસાનના ચોપડે ચડતી કોઈ વસ્તુ જ છે. એથી જ વિકાસના નામે આડેધડ વૃક્ષો કાપવાનો આપણો જીવ ચાલે છે. આપણે તો 'ઘર-આંગણામાં સૂકા પાંદડાનો કચરો બહુ પડે છે, એટલે...' કહીને ઝાડ કાપ્યાં પછી બીજા લોકોને ખુલાસાની ગોળી ગળાવતાં હોઈએ છીએ. જે વ્યક્તિ એ બચપણમાં પોતાના હાથે એક છોડ વાવવાનો અનુભવ લીધો હોય એ કોઈ કાળે મોટાં થઈને ઝાડ પર કરવત-કુહાડીના પ્રહાર થવા દે જ નહીં.

જે માણસે જિંદગીમાં એક ઝાડ વાવ્યું-ઉછેર્યું ના હોય, એના ઘરે બાળઉછેર કેવી રીતે થતો હશે!

જો બાળકોને આપણા શહેરોની ડિઝાઇન બનાવવા દઈએ તો તેઓ ચોક્કસપણે વધુ ગ્રીન સિટીઝનો પ્લાન કરે. બાળકને પૂછો કે શહેરમાં શું વધારે હોવું જોઈએ તો કહેશે ખુલ્લા મેદાનવાળા, અવનવા રમતગમતના સાધનો અને હિંચકા-લપસણીવાળા બગીચાઓ!

બાળકોને ઝીપલાઈન પર લટકવું ગમે, ઝાડ ચડવા ગમે, ટ્રેમ્પોલીન પર કુદવું ગમે, કારના બોનેટને લપસણી બનાવવી ગમે, માટીના મહેલ બનાવવા ગમે, કાગળ પર રંગો ઢોળવા ગમે.

આપણા શહેરોમાં ફૂટપાથ પણ એવી નથી હોતી કે બાળક એની પર ચાલતાં સુરક્ષિતતા અનુભવે. ફૂટપાથ હોય છે જ ક્યાં? અનેક રસ્તાઓ એવા પણ હોય છે જ્યાં ફૂટપાથ દબાણથી આઝાદ થવાની, ખુલ્લા શ્વાસની રાહ જોતી હોય. ફૂટપાથ પણ એની પર કોઈ પગ મૂકીને ચાલે એની રાહ જોતી હોય. આત્મવિશ્વાસ સાથે બાળક રસ્તો ઓળંગી શકે એવું પણ હવે તો અશક્ય છે. ડ્રાઇવિંગ લાઇસન્સ મળી જતાં ૧૮ વર્ષની વ્યક્તિ ભૂલી જ જાય છે કે એ પણ કદી બાળક હતી, એને પણ ભરચક ટ્રાફિકમાં રોડ ક્રોસ કરવામાં તકલીફ પડતી હતી.

નાનપણમાં પપ્પાને રોન્ગસાઈડ લેતાં ટોકનાર બાળક મોટું થઈને પોતે જ રોંગસાઇડ લેતું થઇ જાય એવી અસરદાર છે આપણી વડીલોની ભ્રષ્ટ દુનિયા.

દુનિયા કેવી હોવી જોઈએ એ અંગે બાળકના મનમાં કોઈ પૂર્વગ્રહોકે જડ વિચારો હોતાં નથી. કોઈ પણ પ્રકારના કંડિશનિંગ કે ફ્રેમવર્ક વિનાના બાળમનમાં ક્રિયેટિવિટી માટે પૂરતી મોકળાશ હોય છે. આપણે એડલ્ટ્સ પોતાની જાતને બહુ વધુ પડતી સિરિયસ બનાવી દઈએ છીએ.

બાળકની દુનિયા અને આપણી કહેવાતા સમજદાર લોકોની દુનિયા બે બહુ જ જુદી રીતે વિકસતી ઘટનાઓ છે. જો કાન ખુલ્લા રાખી એ તો બાળકો પાસે ઘણું છે આપણને કહેવા માટે.
તમે માનો કે ના માનો તમારી અંદર હજુ પણ એક નાનકડું બાળક જીવે છે. એનો અવાજ સાંભળવા માટે કાન કેળવીએ તો?

**ધ્વનિત ઠાકર**, પૂર્વ વિદ્યાર્થી (1995 બેચ)

## 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓના ચિત્રની પસંદગી




૫ જુન ''વિશ્વ પર્યાવરણ દિવસે'' અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પરિમલ ગાર્ડનમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના ૩ વિદ્યાર્થીઓના ચિત્ર પસંદગી પામીને જીલ્લા કક્ષાએ આગળ ગયા. સમગ્ર અમદાવાદના આશરે ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓના ચિત્રોમાંથી શ્રેષ્ઠ ૧૦ ચિત્રો પસંદગી પામ્યા. જેમાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના ત્રણેય વિદ્યાર્થીઓના ચિત્ર પસંદગીને પાત્ર થયા. જે ખુબ જ ગૌરવની બાબત છે.

(૧) પારેખ મનિષા ભદ્રેશભાઈ ૮ડ, (૨) વોરા વૃષ્ટિ વિશાલભાઈ ૮બ (૩) શાહ દિવ્ય કૃણાલભાઈ ૬અ

આ ત્રણેય વિદ્યાર્થીઓને અમદાવાદના મેયરશ્રી પ્રતિમાબહેન જૈન દ્વારા ૧૬૦૦૦ રૂ. ની સાઈકલ આપવામાં આવી. આ પ્રવૃતિનું પરિણામ તા. ૧૨-૧૨-૨૦૨૪ ના રોજ જાહેર થયું હતું.


## અમદાવાદના સ્થાપના દિવસ નિમિત્તે પેઈન્ટિંગ સ્પર્ધામાં વિદ્યાર્થીનું ત્રીજું સ્થાન

અમદાવાદના સ્થાપના દિવસ નિમિત્તે ૨૬ મી ફેબ્રુઆરી ૨૦૨૫ ને દિવસે એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા વોલ પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૮ વર્ષ સુધીના ગ્રુપમાં શેઠ સી.એન. કિશોર વિદ્યાલય માંથી કુલ ૩૨ વિદ્યાર્થીઓએ અને ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૩જુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં કુલ છ આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા હતા તેમાંથી પાંચ આશ્વાસન ઇનામ શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયા હતા.









## વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી



તારીખ- ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શેઠ સી. એન. કિશોર વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ માતૃભાષાનું મહત્વ, અમદાવાદનો ઈતિહાસ, ગુજરાતની ગૌરવગાથાનો સમાવેશ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શાળાના ૧૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**અલ્કેશ ગજ્જર,** આચાર્ય, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

## શિક્ષણમાં માતૃભાષાનું મહત્વ

માતૃભાષા એટલે મા તરફથી મળતી પ્રથમ ભાષા. બાળકના જન્મ સાથે પરિવાર અને સમાજ દ્વારા વારસામાં જે ભાષા મળી હોય, વ્યક્તિના બોલવા કે લખવાની શરૂઆત જે ભાષામાં થઈ હોય તેને માતૃભાષા કહેવાય. માતાના ધાવણ સાથે જે સંસ્કાર અને મીઠાશભર્યા શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જોડાણ હોવું જોઈએ. તે અન્ય ભાષા દ્વારા કેળવણી લેવામાં તૂટે છે.

ઘરમાં બોલાતી ભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે છે. જ્યારે ઘર અને શાળાની ભાષા જુદી પડે ત્યારે બાળક અવઢવમાં મુકાય છે અને લઘુતાગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે તેનો બૌદ્ધિક વિકાસ પણ રૂંધાય છે આથી જ બાળકને શાળામાં પણ ઘરની ભાષા એટલે કે માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવું જોઈએ.

બાળક માતૃભાષામાં સરળતા અને સહજતાથી શીખી શકે છે. NEP-૨૦૨૦ માં ધોરણ-૫ સુધીનું શિક્ષણ માતૃભાષાના માધ્યમથી જ આપવાની હિમાયત કરાઈ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ધોરણ-૮ સુધીનું તથા ઉચ્ચ શિક્ષણ આપવા માટે પણ માતૃભાષાને પ્રાથમિકતા આપવાની વાત કરી છે. અભ્યાસક્રમમાં પ્રથમ ભાષા તરીકે માતૃભાષા બાળકના વિકાસ માટે અસરકારક સાબિત થાય છે. માતૃભાષામાં અધ્યયન કરવાથી અન્ય ભાષા પર બાળક સરળતાથી પ્રભુત્વ મેળવી શકે છે.

પરભાષા દ્વારા શિક્ષણ મેળવી આપણે માતૃદ્રોહ કરીએ છીએ. આપણી માતૃભાષાનું મહત્વ સમજાવતી અને ગરિમા વધારતી સુંદર પંક્તિ કવિ રઈશ મણિયારે લખી છે.

મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે ,
ભૂંસાવા ક્યાં દીધો કક્કો હજી પાટીમાં રાખ્યો છે,
મલક કંઈ કેટલા ખૂંદ્યા બધાની ધૂળ ચોટી પણ,
હજી પણ મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે.

**લાલાભાઈ.કે. ખાંભલા,** મ. શિક્ષક, શેઠ ચી.ન. બાલ વિદ્યાલય

# શિશુવિહારમાં ઉત્તરાયણ તહેવારની ઉજવણી



તારીખ ૧૦/૦૧/૨૦૨૫ ને શુક્રવારે શિશુવિહારમાં ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરવામાં આવી.જેમાં નર્સરીના બાળકોએ પ્રવૃત્તિના ભાગરૂપે વિવિધ પતંગોમાં રંગ પૂર્યા જુ.કેજી.અને સી.કેજી.ના બાળકોની સાથે રહીને ફુગ્ગા તેમજ પતંગ શિશુવિહારના પ્રાંગણમાં ઉડાડી ખૂબ મજા કરી સાથે નાસ્તામાં તલ અને શીંગની ચિક્કી ખાઈ મજા માણી.

# શિશુવિહારમાં વાર્ષિક કાર્યક્રમ




શિશુવિહારમાં નર્સરીથી જ બાળકોમાં આત્મવિશ્વાસ કેળવાય,ભાષા શુદ્ધિ કેળવાય,શબ્દ ભંડોળ વધે તેમજ તેમની વાક્ચાતુર્ય અને શ્રવણશક્તિ ખીલે તે માટે વર્ષ દરમ્યાન વિવિધ બાળસભા અને તહેવારોની ઉજવણી સંગીતના તાસ દરમ્યાન કરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૮/૩/૨૦૨૫ ને શનિવારે વાર્ષિક કાર્યક્રમનું આયોજન કર્યું તેમાં બાળકોએ આત્મવિશ્વાસ સાથે ગીત,અભિનય,મૂક નાટક, વાર્તા-કથન જેવા કાર્યક્રમો રજૂ કરી જેમાં સંસ્થાના નિયામક અને વાલીગણ પણ ઉપસ્થિત રહ્યા. તેઓએ બાળકોને પ્રોત્સાહિત કરી કાર્યક્રમની મજા માણી.

**શ્વેતા ગાંધી**, મ. શિ. શેઠ ચી. ન. શિશુવિહાર

## CULMINATION

આજના culmination programના અનુસંધાને કંઈક લખું છું નાના
બાળકો CNમાં જઈને ફાવી ગયા
આવી નાની ઉંમરે પણ stage fear ને હંફાવી ગયા
બાળ કંઠે મધૂર ગીતો ગાઈ ગયા
નાનકડી આંગળીએ તબલાના તાલ ઝંકાવી ગયા
હિંમત તો જુઓ,
ચાંદ તારાને પણ ખિસ્સામાં સમાવી ગયા
અને
બધા જ શાકભાજીને ભેગા કરીને પેટ પકડીને હસાવી ગયા
આટલી નાની વયે પણ મિત્રનું મહત્વ સમજાવી ગયા
ને
ગણિતથી નહીં ડરવાનો બોધ આપી ગયા
સંસારના દરેક રંગની ઝાંખી કરાવી ગયા
અને
હસતા રમતા આ ભૂલકાંઓ ઘણું બધું શીખવાડી ગયા
દરેક બાબતને ''વિશિષ્ટ'' રીતે પ્રસ્તુત કરી,
જાણે આખા વાતાવરણમાં ''ચંદન'' સમી સોડમ પ્રસરાવી ગયા
ખરેખર નાના બાળકો CNમાં જઈને ફાવી ગયા

- **અંકુર કોઠારી** (Nursary-s` Parent) વિશિષ્ટ વર્ગ

# 'દ્રષ્ટિહીન વ્યક્તિની નજરે વિશ્વ' નિબંધ સ્પર્ધાનું ઈનામ વિતરણ

પ્રાર્થના મંદિરમાં તારીખ ૧૮.૨.૨૦૨૫ના રોજ શ્રી અરવિંદ શાહ (૧૯૫૪ની બેચ) (રત્ન ગ્લોબલ ફાઉન્ડેશન USA) દ્વારા પ્રેરિત અને sponsor કરાયેલ ધો. ૮ થી ૧૨ના ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે **'દ્રષ્ટિહીન વ્યક્તિની નજરે વિશ્વ'** 'The World from the Eyes of a Blind Person' વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધાના ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાથી કુલ ૩૦૪ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે અંધજન મંડળના પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ તેમજ સેક્રેટરી શ્રી રોહિત શાહની પ્રેરક ઉપસ્થિતિ રહી. બંને મહેમાનશ્રીઓનો પરિચય અને સ્વાગત સંસ્થાના નિયામક ડૉ. વૈશાલી શાહ દ્વારા કરવામાં આવ્યું. ગુજરાતી માધ્યમ શાળાઓના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી એ શ્રી અરવિંદભાઈ શાહ વિશેની માહિતી આપી તેમજ નિબંધ સ્પર્ધાના હેતુ બાબત જણાવ્યુ. શ્રી રાજેન્દ્ર શાહ અને શ્રી રોહિત શાહે વિદ્યાર્થીઓને અંધ વ્યક્તિના જીવનમાં આવતી અનેક સમસ્યાઓ તેમજ તેમના પ્રત્યેની આપણી સંવેદનશીલતાને કેળવવાની અને અંધજન મંડળ વસ્ત્રાપુર ખાતે બનાવેલ **'વિઝન ઓફ ડાર્ક ગેલેરી'**ની મુલાકાત લેવા વિશેની વાત કરી. ઈશ્વરે આપેલ અમૂલ્ય જીવન માટેનો આપણે આભાર વ્યક્ત કરવા સાથે જરૂરતમંદ લોકોને મદદ કરવાની સહુ નાગરિકોની સામાજિક ફરજ છે તેમ જણાવ્યું. સંસ્થાના શૈક્ષણિક સલાહકાર ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપવા સાથે ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. શેઠ સી.એન. વિદ્યાલયના આચાર્યશ્રી ધવલ પાઠક દ્વારા આભારવિધી કરવામાં આવી.

– **હેતલ મહેતા**, ARO, શેઠ સી.એન.વિદ્યાવિહાર

# Fostering a Love for Reading: A New Chapter in Learning



This academic year, the introduction of library classes for students in 1st to 4th standards has opened up a world of imagination, curiosity, discovery and knowledge. The response from the children has been nothing short of inspiring. With every session, it becomes clearer that a love for reading is taking root in the hearts of these young learners.

To make reading more engaging, we have introduced several innovative activities:

1. **Dictionary Exploration and making own word bank:**
   Children enjoy discovering the meanings of new words using dictionary and prepare their own list of new words. This not only enhances their vocabulary but also strengthens their comprehension skills.
2. **Book Reviews:**
   After reading a book of their choice, students share their thoughts by writing and sharing simple book reviews. This helps them express their opinions, summarize stories, and recommend books to their friends.
3. **Character Descriptions:**
   One of the most loved activities is describing their favourite character in their own words. Especially when they read some mythological stories or stories of freedom fighters. By reading such stories they come to know which values they had imbibed in their lives for which made them great and we still remember them.
4. **Read and Relate:**
   Students read stories and then relate them to real-life situations or personal experiences. This reflective activity enhances critical thinking and emotional intelligence.
5. **Fun activities:**
   During the library class they also do some fun activities like making a creative bookmark, drawing their favourite character, role play, quiz on different subjects etc.

Multilingual approach of vishisht varg helps them to explore wide variety of literature in all three languages - Gujarati, Hindi and English. Children explore stories, poems, and knowledge-based books in all three languages. Whether it is a fascinating science book, a captivating story, a religious text suitable for their age, or magazine article about Indian history, they develop a deeper appreciation for literature from different perspectives.

Through these activities, children have developed not only language proficiency but also a genuine love for reading. Our library class is truly a space where imagination takes flight, and young minds grow and flourish.

**Krupa Prajapati**
CNEM (Vishisht Varg)

# Contemporary Education System

As we navigate through the 21st century, the landscape of education has undergone a massive transformation. The traditional classroom setting, with its rigid structures and standardized teaching methods has given way to a more dynamic, inclusive and technologically driven approach. Critical thinking, creativity and collaboration among students are the buzzwords.

In keeping with the times, CN Vidyavihar schools have invested in the "Interactive flat panels (IFPs), which are touchscreen digital displays. It empowers the teachers with a variety of digital tools and also enhances the engagement of students in the classroom. Students to encouraged to contribute to the learning process through discussions, problem-solving or hands-on activities. This makes learning enjoyable and meaningful which is in contrast to the traditional teaching methods where students were passive receivers of information. Also, collaborative activities help students develop teamwork, communication and problem-solving skills. Multiple students can use the touchscreen simultaneously.

These advanced tools have brought stories to life through engaging visuals and dynamic storytelling methods, captivated students' attention and fostered a deeper understanding of the subject. In the realm of drawing and creativity, interactive panels have proved to be a versatile canvas for students to explore their artistic potential, experimenting with different techniques, and receiving immediate feedback. Furthermore, when it comes to mathematical tools, interactive panels have provided a hands-on approach to problem-solving, enabled students to visualize complex concepts, to perform calculations, and grasp abstract ideas with greater clarity.

By integrating interactive panels into the classroom, teachers at CN have succeeded in creating an immersive, multifaceted learning environment which prepares student to meet the demands of a rapidly evolving world.

**Rutu Patel**, CNEM (Vishisht Varg )

# Heritage Education: A Gateway to History and Diversity

"You don't stumble upon your heritage. It's there, just waiting to be explored and shared."

— Robbie Robertson



Heritage education is not a recreational activity for students; it plays a vital role in their learning process. It helps them understand history and society while fostering values of respect for diversity and tolerance. The Heritage Club at Sheth C N English Medium School embodies all of these principles.

On February 19, 2025, the mentors of the Heritage Club, along with twenty students, visited the Lalbhai Dalpatbhai Museum in Ahmedabad. The museum is a perfect blend of art and history. Established in 1956, the Lalbhai Dalpatbhai Institute of Indology was the result of joint efforts between Shri Kasturbhai Lalbhai, a prominent Ahmedabad-based industrialist, and Jain Acharya Muni Punyavijayji. At the time of the institute's establishment, Muni Punyavijayji donated his personal collection of illustrated and unillustrated manuscripts, bronzes, and cloth paintings. Over time, the collection grew significantly, leading to the creation of a dedicated space for displaying these priceless artifacts.

During the visit, the students were divided into teams and assigned various tasks. They engaged in activities such as creating live, on-site sketches while immersing themselves in the history of the exhibits and capturing their experiences through videos. These videos were later compiled into a PowerPoint presentation. Once the visit and activities were complete, the students collaborated to create their own website, showcasing their work and learning.

You can explore the students' project here: Heritage Wonders Website.

Courtesy: Internet and student-collected data.

**HERITAGE CLUB, CNEM**

# બાલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સ્મૃતિકેન્દ્રની મુલાકાત

હું ધોરણ ચારની વિદ્યાર્થિની નિર્મયી દેસાઈ સ્મૃતિકેન્દ્રની મુલાકાત વિશે મારા વિચાર વ્યક્ત કરું છું. જ્યારે અમને અમારા વર્ગશ્ત્રિક્ષિકાબહેને કહ્યું કે ''આવતીકાલે તમારે બેગલેસ ડે છે.ત્યારે મારા વર્ગના બધા જ બાળકો ખૂબ આનંદમાં આવી ગયા. મને પણ બેગલેસ ડેની ઉજવણીમાં ખૂબ જ મજા પડે છે. નવું નવું જાણવાનું, શીખવાનું અને જોવાનું મળે છે, દફતર લઈને નહીં આવવાનું એનો પણ આનંદ કંઈક જુદોજ હોય છે. મારા વર્ગ શ્ત્રિક્ષિકાએ અમને જણાવ્યું હતું કે આ વખતે બેગલેસ ડેમાં સ્મૃતિકેન્દ્રની મુલાકાતે જવાનું છે. સ્મૃતિકેન્દ્રમાં આપણી સંસ્થાના ધરોહર એવા શ્રી. ઈન્દુમતીબહેનના જીવન અંગેની ઘણી બધી બાબતો જાણવા મળશે એ વિચાર માત્રથી હું આનંદમાં આવી ગઈ.




બીજે દિવસે અમે સૌ વર્ગશ્ત્રિક્ષિકા સાથે સ્મૃતિકેન્દ્રની મુલાકાતે હારબંધ પહોંચ્યા. સ્મૃતિકેન્દ્રમાં અમે શેઠ સી.એન.સંસ્થામાં થતી પ્રવૃત્તિ અંગેની માહિતી આપતા ફોટોગ્રાફ જોયા સાથે ઈન્દુમતીબહેનને મળેલા ઘણાં બધાં પારિતોષિક, તેમનાં કપડાં, રૂમાલ, તેમનાં સંગીતનાં વાજિંત્રો, સ્મૃતિચિત્ર, માનપત્ર, અરીસો, તેમના મેડલ્સ, ટ્રોફી, ખાદીની સાડી વગેરે ઘણી બધી વસ્તુઓ જોઈ. સ્મૃતિકેન્દ્રમાં અમે ચીમનલાલ શેઠનું વસિયતનામું પણ વાંચ્યું હતું. બહેનશ્રીને મળેલો પદ્મશ્રી એવોર્ડ પણ જોયો. સ્મૃતિકેન્દ્રમાં બહેનશ્રીને પ્રિય એવી નાનકડી, પાકીટમાં રાખી શકાય તેવી ભગવદગીતા પણ જોઈ. અમારા વર્ગશિક્ષકે અમને કહ્યું હતું કે, ''બહેનશ્રીને ભગવદ્ગીતા પ્રત્યે અનોખો પ્રેમ હતો, અને ત્યાં જઈને આ વાતની અમને ખાતરી થઈ ગઈ. અમને હેતલબહેન મહેતાએ સ્મૃતિ કેન્દ્રમાં પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સી.એન. પર બનાવાયેલ દસ્તાવેજી ફિલ્મ 'સમર્પણ' પણ બતાવી હતી

ઈન્દુમતીબહેને માત્ર બે વર્ષની ઉંમરે તેમનાં પિતાશ્રી ચીમનલાલને ગુમાવ્યાં હતાં તેથી તેમનો ઉછેર તેમની માતા પૂજ્ય માણેકબાએ કર્યો હતો. આ વાત અમને સ્મૃતિકેન્દ્રમાં જઈને ખબર પડી. મને થયુંકે બહેનશ્રી આટલા પૈસાવાળા હતાં તો પણ તેઓ સાદી ખાદીની સાડી કેમ પહેરતાં હશે? ત્યારે અમને શિક્ષકે સમજાવ્યું કે તેઓ ગાંધી વિચારધારાને અનુસરતા હતાં, માટે સત્ય, સેવા અને સાદગી તેમના જીવનમાં વણાયેલા હતાં. તેમની સાદગી, કરકસરવૃત્તિ અને પ્રકૃતિ પ્રેમ જેવા ગુણો અમે અમારા જીવનમાં ઉતારીશું. અમારી આ મુલાકાત યાદગાર અને પ્રેરણાદાયી રહી. વાત્સલ્યમૂર્તિ ઈન્દુમતીબહેનને સહુ બાળકોના શતશત વંદન.

**નિર્મયી દેસાઈ** ધો.-૪(બ), શેઠ ચી.ન. બાલ વિદ્યાલય

## CNSA's Under-8 Football Champions



CNSA's under-8 team become the unbeaten champions in the Kahani ADFA Blue Cubs League 2025. This group of players played exceptionally and won 13 matches unbeaten during the league.

Ansh Chalke and Mann Mehta have been selected in the Under-20 Men's team of the Ahmedabad District Football Association for the Gujarat State Football Association Torrent Cup 2023-24. Dipam Mistry has been selected on the Under-20 Ahmedabad District Football Team for Torrent Power Gujarat State Football Association Inter-district Tournament. Tanishka Madalia, Jiya Kamdar, Sashvi Mundada, Navya Mehta were selected to represent Ahmedabad team in the Sub-Junior category in the Inter-district Football Tournament held at Patan, Gujarat. They emerged Runners-up in the Sub-Junior Girls finals.

## CN's Dakshraj Gadhvi selected for Football Training at Austria

Dakshraj Gadhvi of CN Kishore Vidyalaya will visit Austria for a week-long football training in April 2025. He is among the 40 students (20 girls and 20 boys) selected and sponsored



in the Under-14 category under an initiative titled 'Indian Tigers and Tigresses' Football Talent Hunt Campaign run across India by TV9 news channel. Dakshraj participated in the local selection trials at Khokhra stadium followed by ing up with a selection process at New Delhi where 400 finalists were invited. Dakshraj made it in the top 20 resulting in his selection for further international exposure.

## Podium Finish by CNSA Gymnast




Avantika Negi won a Gold medal for her performance on Uneven Bars in Junior Category at the All Age Group National Gymnastics Championships 2024-25, that took place from 1 to 4 January 2025 at Pandit Deendayal Upadhyay Indoor Stadium in Surat. At the same event, CNSA gymnasts Nishi Bhavsar finished 5th on Uneven Bars and Floor routine whereas Rushvi Shalot finished 7th on Balancing Beam.

## Kumar Chhatralaya Boys win Volleyball Tournament



Students of CN Kumar Chhatralaya along with other players secured first position in the tournament organized by Akhil Ahmedabad Ametuer Volleyball Association organized on 2nd March 2025. These boys are Prince, Kavy, Manav and Madhav. In the sub-junior tournament organized by the same association, CNSA boys' volleyball team stood second. The students have been coaching under coach Ms. Ami Soni for the last 2 years.


## CN Cricket team became Under-19 champions

CN Vidyalaya Cricket Team became Under-19 champions in the One-Day School Tournament conducted by Central Board of Cricket Ahmedabad. The team has also made it to the finals of the Multi-day format will be held from 28th to 30th March 2025. In the Under-16 category, CN Vidyalaya reached the semi-finals stage.

**Trupti Rawal**
Director, CNSA

# મોબાઈલ-એક લત

એક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીના મમ્મી આવ્યા અને કહે કે આ મારો દિકરો ભણવામાં બિલકુલ ધ્યાન આપતો નથી, અભ્યાસમાં પણ પાછળ પડતો જાય છે, અમારું માનતો જ નથી, ખૂબ જ ગુસ્સાવાળો સ્વભાવ થઈ ગયો છે, એક જગ્યાએ શાંતિથી બેસતો નથી, વારંવાર મોબાઈલ માટે જિદ્દ કરે છે અને અમે જો ના આપીએ તો અમારા પર ગુસ્સે થાય છે, ક્યારેક તો અમને મારવા પણ લાગે છે, આવી તો લગભગ દરેક માતા-પિતાની ફરિયાદ તેમના બાળકો માટે છે. કોરોના બાદ બાળકોને ઓનલાઇન અભ્યાસ માટે આપવામાં આવેલા મોબાઈલ કે કોમ્પ્યુટરની બાળકોને એવી તો લત લાગી ગઈ છે કે તે છોડાવવી એક ચેલેન્જ બની ગઈ છે. આ બાળક અને તેના માતા-પિતા સાથે કાઉન્સેલિંગ દ્વારા મોબાઈલ માટેનો સમય નક્કી કરવામાં આવ્યો. પરંતુ વાલીની આવી ફરિયાદોને થોડી સહાયતા મળી રહે તે હેતુથી આ લેખ લખવાનું નક્કી કર્યું.



આજના આધુનિક યુગમાં મોબાઈલ વિના ચાલે તેમ જ નથી. તે હવે જીવન જરૂરિયાતની વસ્તુમાંથી જીવન જ બની ગયો છે. દરેક વસ્તુની જેમ મોબાઈલની પણ સારી કે ખરાબ અસરો છે, જેમકે...

સ્માર્ટ ફોન દ્વારા વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવા માટે અનેક નવા નવા કૌશલ્યો પ્રાપ્ત કરી શક્યા છે, દુનિયાના ખૂણે ખૂણામાં વસેલા પોતાના સગા સંબંધીઓ સાથે થોડી ક્ષણોમાં જોડાઈ શકે છે, અનેક સંસ્કૃતિનો અભ્યાસ શક્ય બન્યો છે, માનવી નવું નવું જાણી શક્યો છે, અને દુનિયા નાની બની ગઇ છે.

આ જ સ્માર્ટ ફોનના કેટલાક નકારાત્મક પાસાઓ પણ છે, જેમકે અનેક લોકોમાં મોબાઈલ એડિકશન જોવા મળે છે, એમાં પણ ખાસ કરી ને બાળકોમાં મોબાઇલની લત લાગવી બહુ આસાન છે. જેની અસર બાળકોના માનસિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય પર થઈ રહી છે. મોબાઇલમાંથી આવતા રેડિએશન બાળકોની આંખને નુકશાન કરે છે, ઘણીવાર મોબાઈલ ફાટે છે કે બેટરી ફાટે છે જેના કારણે બાળકો દ્રષ્ટિ ગુમાવે છે તેમજ ઘણીવાર જીવન પણ ગુમાવી બેસે છે.

વર્તમાન સમયમાં એવા પણ ઘણા દાખલા જોવા મળે છે કે મોબાઇલના કારણે બાળકોમાં અસાધારણ વૃતિ જોવા મળે છે, ઘણા બાળકો મોબાઈલ ચલાવતા હોય તેમ રાતના ઊંઘમાં પણ હાથ ચલાવતા હોય છે. ઘણીવાર બાળકને મોબાઈલ આપવાની ના પાડવામાં આવે તો તે માતા-પિતા પર કે આની વ્યક્તિ પ્રત્યે ક્રૂર પણ બની જતાં હોય છે, અથવા તો તેઓ પ્રત્યે આક્રમક પણ બની જતાં હોય છે. કેટલીકવાર માતા-પિતા જબરદસ્તીથી મોબાઈલ લેવાની કોશિશ કરે તો તેઓ આત્મહત્યા કરવા સુધીનું પગલું ભરતા પણ ખચકાતાં નથી.

કેટલાક માતા-પિતા એવા બહાના કરે છે કે અમે બાળકને મોબાઈલ નથી આપતા તો તે અમને શાંતિથી બેસવા નથી દેતા અથવા તો અમને હેરાન કરે છે. જેના કારણે માતા-પિતા બાળકોને મોબાઈલ આપી દેતા હોય છે. પરંતુ માતા-પિતાએ એ સમજવું પડશે કે વધુ પડતો મોબાઈલનો ઉપયોગ બાળકને ચીડિયું બનાવે છે અને તેઓના માનસિક વિકાસને રૂંધે છે.

ઘણી મોબાઈલ ગેમ્સ પણ બાળકો માટે ઘાતક સાબિત થઈ છે, જેમકે બ્લ્યુ વ્હેલ જેવી રમતો. આવી રમતોથી કેટલાક બાળકોએ પોતાનો જીવ ખોયો છે. આવી ગેમ્સ દુનિયાના ઘણાખરા દેશોમાં પ્રતિબંધિત છે, માતા-પિતાએ આવી બાબતોથી ચેતવું જોઈએ.

મોબાઈલથી બાળકને દૂર રાખવા માટે, બાળકને અલગ અલગ પ્રવૃતિઓ કરાવી શકાય, અવનવી જગ્યાઓની જાણકારી આપી શકાય જેનાથી બાળકોના મગજનો વિકાસ થઈ શકે. આવી અવનવી પ્રવૃતિઓ દ્વારા બાળક વિકસાત્મક બને છે અને અવનવી પ્રવૃતિઓ કરવા પ્રેરાય છે.

આધુનિક યુગમાં આપણે મોબાઈલથી દૂર રહી શકતા નથી, વાલીઓના પણ અનેક કાર્યો મોબાઈલ દ્વારા થતાં હોય છે, તેથી તેઓ પણ મોબાઈલ છોડી શકતા નથી, પરંતુ દિવસમાં કોઈ એવો સમય નક્કી કરવામાં આવે કે જ્યારે ઘરના દરેક લોકો સાથે બેસી ગમ્મત, વાતો કે કોઈ અન્ય પ્રવૃતિ કરે જેમાં મોબાઈલનો ઉપયોગ ના હોય.

બાળકો જ્યારે અભ્યાસ માટે મોબાઈલ માંગે અથવા તો મોબાઇલમાંથી અભ્યાસ કરવાનું કહે ત્યારે વાલીઓએ પણ બાળકોને, પુસ્તક અથવા પ્રિન્ટઆઉટ કાઢીને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

આમ આજના આધુનિક ટેક્નોસેવી યુગમાં માપસર અને પ્રમાણસરના મોબાઇલના ઉપયોગથી બાળકનો હકારાત્મક અને સર્વાંગી વિકાસ કરી શકાય છે.

**ડૉ ગીતા ડોડિઆ**
કાઉન્સેલિંગ સેન્ટર, શેઠ સી. એન. વિદ્યાવિહાર

# શિક્ષકની સિદ્ધિ




માતૃભાષા અભિયાન તરફથી વિશ્વ માતૃભાષાદિન નિમિત્તે વાર્તાકથન હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં ગુજરાતનાં તમામ શિક્ષકો અને ધોરણ ૫ થી ૧૨ ના તમામ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શિક્ષકોએ તેમની સ્વરચિત વાર્તાનું કથન કરવાનું હતું. જેમાં બાલવિદ્યાલયના મનિષાબહેન નિલેષકુમાર ભટ્ટ પ્રથમ વિજેતા બન્યા હતા. માતૃભાષા અભિયાન તરફથી તેમને પ્રમાણપત્ર અને રૂ .૫૦૦૦ /-ની રાશી ઈનામ સ્વરૂપે આપવામાં આવી હતી .

# Summer vacation workshops at C N Computer Centre During April and May 2025

| No | Batch Details | | Std. | Time | Fees Incl. 18% GST |
|---|---|---|---|---|---|
| 1 | **Computer Fun** | Learning with Creativity, Logic & Fun (1/5/2025 to 17/5/2025) | 1 To 4 | 10 To 12 | 1180/- |
| 2 | **My First Website** | Website creation using Publisher & GIF Animator (1/5/2025 to 17/5/2025) | 5 To 7 | 12 To 2 | 2360/- |
| 3 | **Std. - 10 "C" Language** | As per Std - 10 Computer Text Book (1/5/2025 to 17/5/2025) | 9 Pass | 8 To 10<br>10 to 12 | 1180/- |
| 4 | **Std. - 11 Linux & Synfig Studio** | As per Std - 11 Computer Text Book (1/5/2025 to 17/5/2025) | 10 Pass | 8 To 10<br>12 to 2 | 1180/- |
| 5 | **Std. - 12 "JAVA" Language** | As per Std - 12 Computer Text Book (1/5/2025 to 17/5/2025) | 11 Pass | 8 To 10<br>10 to 12 | 1180/- |
| 6 | **Image Editing in Adobe Photoshop** | Image Editing, Filters, Effects, Layouts, Text Effects and Graphics (1/5/2025 to 17/5/2025) | 8 To 12 | 10 to 12 | 2360/- |
| 7 | **Video Editing in Adobe Premiere** | Importing, Editing, Video Effects, Video Filters, Titling, Chroma, Background Audio, Synchronisation, Rendering Video and more. (1/5/2025 to 17/5/2025) | 8 To 12 | 12 To 2 | 2360/- |
| 8 | **MS-Office** | Word, Excel, Powerpoint and Internet **(16/4/2025 to 17/5/2025 - One Month)** | 10 Pass | 11 To 1 | 2360/- |
| 9 | **C and C++** | Programming Language **(16/4/2025 to 17/5/2025 - One Month)** | 12 Pass | 8 To 10 | 2360/- |

# Special workshops for all the teachers of C N Vidyavihar During 16th to 30th April 2025

## Photoshop

• **Working knowledge of Photoshop basic tools**. • Develop skills in editing and altering photographs through a basic understanding of the toolbar, layers, filters and adjustments panel. • Save file in different formats like jpg, png, psd and pdf. • Use of Photoshop for classroom use by creating, designing and developing for appropriate projects. • Use of Photoshop for electronic and print media.

## Ms-Word and Ms-Excel

• **Working knowledge of Ms-Word.** • Develop skills in creation of documents with text and paragraph formatting, page margin and layout, saving files, text edittng, inserting objects and images, table creation, mail merge, printing documents, pdf conversion etc.

• Use of Ms-Word for classroom use by creating, designing and developing for appropriate projects.

• **Working knowledge of Ms-Excel.** • Develop skills in creation of Excel Sheets with columns, rows, cell, formula and functions, shorting and filtering of data, printing documents, pdf conversion etc.

# સી. એન. કલાનિકેતન વાર્ષિક કાર્યક્રમ




શનિવાર તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ સી. એન. કલાનિકેતનનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો હતો. જેમા વિદ્યાવિહારની વિવિધ સંસ્થાના ૮૫ વિદ્યાર્થીઓએ સંગીતની પ્રસ્તુતિ કરી હતી.




ગાયન ઉપરાંત વાદ્યોમાં હાર્મોનિયમ, તબલાં, સિતાર અને મેંડોલીનની પ્રસ્તુતિ થઈ, તેમજ નૃત્યોમાં કથક અને ભરતનાટ્યમની પ્રસ્તુતિ થઈ હતી. બાળકોની આવડત અને કુશળતાનો સુંદર દેખાવ થાય તે માટે યોગ્ય રાગ, ગીત અને તાલની પસંદગી તેમના શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. બાળકો દ્વારા ગણેશવંદના, સરસ્વતીવંદના, મધુરાષ્ટકમ્, શિવ સ્તોત્રમ્, મહિષાસુર મર્દિની સ્તોત્રમ્, અલંકાર, બાળગીત, વસંત ગીત, રાગ માલકૌંસ, રાગ ભૂપાલી, તાલ ત્રિતાલ અને એના પલ્ટા. આમ શાસ્ત્રીય સંગીતના જુદાં-જુદાં રંગોની પ્રસ્તુતિ થઈ.






આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ એકબીજાની સંગત કરતાં શીખે તેનો પણ પ્રયોગ કરવામાં આવ્યો હતો. એટલેકે ગાયન વિભાગની પ્રસ્તુતિ દરમિયાન હાર્મોનિયમ અને તબલાં વગાડવા માટે વિદ્યાર્થીઓને જ તૈયાર કરવામાં આવ્યાં હતાં. એજ રીતે કથકની રજુઆત વખતે ગાયન વિભાગના વિદ્યાર્થીઓએ કંઠ આપ્યો હતો.




બાળકોની પ્રસ્તુતિ બાદ કલાનિકેતનના શિક્ષકો દ્વારા પણ મૌલિક રજુઆત કરવામાં આવી જેનો પણ ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. ગાયનમાં ચતરંગ, ભરતનાટ્યમમાં અલારિપુ, હાર્મોનિયમ પર પંડિત તુલસીદાસજી બોરકરની ગત અને કથકમાં હોળીની પ્રસ્તુતિ થઈ, ગુરુજનોની પ્રસ્તુતિ પાછળનો હેતુ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત વાલીઓને ઉચ્ચ કોટીની શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિનું એક ઉદાહરણ પૂરું પાડવાનો હતો.

